International Journal of Research in all Subjects in Multi Languages | Vol. 13, Sp. Issue: 1, June: 2025
[Author: Varshaben B. Desai] [Subject: History] I.F.6.1 | (IJRSML) ISSN: 2321 - 2853

# મહાદેવભાઈ દેસાઈ–એક પત્રકાર તરીકે

વર્ષાબેન બબાભાઈ દેસાઈ
પીએચ.ડી. સ્કોલર, ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ,
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

## ૧. પ્રસ્તાવના

મહાદેવભાઈ જેમ મંત્રી હતા તેમ પત્રકાર પણ હતા તેઓ શરૂઆતથી જ નવજીવન અને યંગ ઈન્ડિયા માં લેખ લખતા વળી પંડિત મોતીલાલનું ઈન્ડિપેન્ડન્ટ નામનું દૈનિક પત્ર ચલાવવા માટે તેઓ છેક 1922 માં અલ્હાબાદ ગયેલા અને 1923-24 માં અન્ય સાથીઓ જેલમાં હોવાને કારણે એકલે હાથે નવજીવન ચલાવેલું એ પણ આપણે જાણીએ છીએ સફળ પત્રકાર થવા માટે ભાષા પર કાબુ, અખૂટ કાર્યશક્તિ, અવિચલ આત્મવિશ્વાસ, ત્વરિત નિર્ણયશક્તિ, સિધ્ધાંતનિષ્ઠા વગેરે ગુણો વગેરે ખૂબ જ આવશ્યક ગણાય. પરંતુ તેના કરતાંય નિડરતા, ન્યાય, નિષ્ઠા પણ અનિવાર્ય ગણાય જે મહાદેવભાઈમાં હતા. મહાદેવભાઈ પત્રકાર તરીકે ઘણાંજ નીડર હતા. અસહકારના દિવસોમાં જ્યારે દેશમાં તીવ્ર વિચારભેદ ઊભો થયો અને અસહકારના વિરોધીઓ સાચા ખોટા આક્ષેપ ચલાવવા માંડ્યા ત્યારે દેશબંધુ દાસ કે નરકેસરી લાલાજી જેવા સામે કલમ ઉઠાવતા તેઓ અચકાયા ન હતા. ખેડા જિલ્લાના પ્રિય સાથીઓ શ્રી ફૂલચંદભાઈ વગેરેએ જ્યારે સ્વરાજ્ય વાદીઓની ચૂંટણીમાં સહકાર આપવાનું અખત્યાર કર્યું ત્યારે તેમના પર પણ પ્રહાર ચલાવતા ક્ષોભ પામ્યા નહી. 1937-38 માં મહાસભાના મંડળો ચલાવતા હતા એ દરમ્યાન કાનપુર, લખનૌ વગેરે સ્થળે ફાટી નીકળેલા રમખાણોને કાબૂમાં લેવા માટે મહાસભાવાદી પ્રધાનોએ લશ્કર અને હિંસાનો આશ્રય લીધો ત્યારે અને મધ્યપ્રાંતના કેટલાક પ્રધાનોએ લાગતા વળગતાને મોટી સરકારી નોકરીઓ અપાવ્યાની તેમજ અન્ય અપકાર્યો કર્યાની વાત પ્રગટ થઈ ત્યારે તેમની સામે પણ કલમ ચલાવવાનો ધર્મ તેઓ ચૂક્યા નહોતા પત્રકારને માટે હિન્દુસ્તાનામાં ગાંધીજીએ જે મહાન ઊંચો અને વિકટ આદર્શ આપ્યો છે તેને તેઓ ખૂબ જ સફળતા પૂર્વક પહોંચી શક્યા હતા એ જગજાહેર હકીકત છે. 1936 માં ગુજરાતી સાહિત્ય પરિષદ વખતે પત્રકારીત્વ વિભાગના પ્રમુખ પદેથી મહાદેવભાઈએ જે ભાષણ આપેલું ને હિન્દુસ્તાનના પત્રકારીત્વના ઈતિહાસમાં કાયમ યાદ રહી જાય તેવુ ગણાશે.(1) જેમને પત્રકારીત્વ દ્વારા ખરેખર જનહિત સાધવાની ભાવના હોય તેમને મહાદેવભાઈનું એ અભ્યાસપૂર્ણ અને અનુભવ નીતરતું ભાષણ સદાય માર્ગદર્શક બની રહેશે.

## ૨. મહાદેવભાઈની ડાયરીઓમાં ઉલ્લેખાયેલ પત્રકાર તરીકેનું વ્યક્તિત્વ

મહાદેવભાઈની ડાયરી ભાગ 16 માં વિષય વસ્તુ જોઈએ તો તે સમયના ઈતિહાસની વાત તો ખ્યાલ આવે

છે. પણ તે દરમ્યાન મહાદેવભાઈ ગાંધીજી સાથે નહોતા. આ સમયગાળામાં મહાદેવભાઈને પંડિત મોતીલાલ નહેરુના 'ઈન્ડિપેન્ડન્ટ' નામના અંગ્રેજી દૈનિકના તંત્રી તરીકે કામ માટે અલ્હાબાદ જવું પડ્યું હતું. 'ઈન્ડિપેન્ડન્ટ' ના સ્થાપક પંડિત મોતીલાલ નહેરુ હતા. ઈ.સ. 1921 માં આ દૈનિક પત્રને સરકાર જપ્ત કરશે એવો સંભવ હતું. એટલે મોતીલાલ નહેરુની માંગણીથી ગાંધીજીએ ઈ.સ. 1921 ના જુલાઈમાં મહાદેવભાઈને અલ્હાબાદ મોકલ્યા હતા. 'ઈન્ડિપેન્ડન્ટ' ના પુરોગામી તંત્રીઓને સરકારે જેલ ભેગા કર્યા હતા. મોતીલાલ નહેરુ અને જવાહરલાલની ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ તા. 07/12/21 ના રોજ બે હજાર રૂપિયાની જામીનગીરી ભરી મહાદેવભાઈ તંત્રી બન્યા અને તા. 20/12/21 એ સરકારે જામીનગીરી જપ્ત કરી સરકારે 10 હજાર રૂપિયાની જામીનગીરી માંગી મહાદેવભાઈએ જામીનગીરી ભરીને તા. 22 મીએ ઈન્ડિપેન્ડન્ટના હસ્તિલિખીત આવૃત્તિ બહાર પાડી અને તેની ધ્યાનમુદ્રા તરીકે લખ્યું 'I CHANGE BUT I CANNOT DIE' સરકાર આ હન ન કરી શકી તેથી સરકારે મહાદેવભાઈની ધરપકડ કરી અને તા. 24 મીએ એક વર્ષની કેદની અને રૂપિયા 100 ના દંડની અને દંડ ન ભરે તો વધુ એક માસની સજા ફરમાવી. ત્યારબાદ મહાદેવભાઈ જેલ ભોગવીને તા. 23/01/23 ના રોજ છૂટ્યા આ સમયગાળા દરમ્યાન મહાદેવભાઈ ગાંધીજી સાથે નહોતા. અલબત્ત તેમણે કેટલાક પત્ર વ્યવહાર કર્યો હતો અને કેટલાક લેખો પણ લખ્યા હતા જે પત્રો તેમને 'ઈન્ડિપ્ન્ડન્ટ' ના તંત્રી પદે હતા ત્યારે છાપ્યા હતા.(2)

અહીં ગાંધીજી પ્રત્યેની મહાદેવભાની અત્યંત ભક્તિ છતાં પ્રામાણિક અભિપ્રાય આપવાની હિંમત તેમની ઊંચી ભક્તિમત્તાનો પરિચય આપી જાય છે. અલ્હાબાદમાં લડતના મંડાણ થયા હતા. તા.08/12/21 ના રોજ મહાદેવભાઈ ગાંધીજીને તાર કરે છે. મોતીલાલને છ માસની સજા થઈ છે. અને તેમની સલાહ અનુસાર મેં બે હજાર રૂપિયાની જામીનગીરી ભરી, ગઈ કાલે ચાર્જ લીધો. મારી ધરપકડ સામે જોગવાઈ કરવા આપને તાર કરવાનું કહ્યુ છે. એના ઉત્તરમાં ગાંધીજીએ લખ્યું હતું કે દેવદાસ આવે છે તેમની મદદ તેમને મળશે. 'ઈન્ડિપેન્ડન્ટ' ને સુધારશે રિપોર્ટ ઉપર ખૂબ અંકુશ રાખજો ભલે ઓછું મળે એમ કરજો. તા.09/12/21 ના રોજ મહાદેવભાઈએ ગાંધીજીને તારમાં જણાવ્યું કે જોસેફને બે વર્ષ માટે આગ્રા જેલમાં લઈ ગયા છે. આ તારના જવાબમાં ગાંધીજીએ જણાવ્યું કે રોનિયો ઉપર નકલ કાઢો, રોજ અંતિ સંક્ષિપ્ત સમાચાર અને બોધદાયક લેખો આપો. સ્વયંસેવક છાપું વેચે. તા.20/12/21ના રોજ મહાદેવભાઈએ ગાંધીજીને તારથી જણાવ્યું કે જામીનગીરી જપ્ત થઈ છે અને મોતીલાલ નહેરુનો સંદેશો કાયદાની દૃષ્ટિએ હાનીકારક છે. છતાં હસ્તલિખીત પત્ર કાઢવા ઈચ્છે છે. મહાદેવભાઈએ 'ઈન્ડિપેન્ડન્ટ'નો હસ્તલિખીત અંક તા.22/11/21 ના રોજ કઢાયો. એનો અગ્રલેખ 'નવો અવતાર' નામે છપાયો હતો. તેનો તરજુમો 'નવજીવન' માં તા.26/12/21 ના રોજ આપવામાં આવ્યો છે. એમાં મહાદેવભાઈએ નિર્ભિક રીતે સરકારી તંત્રની ટીકા કરી છે. તેથી 'ઈન્ડિપેન્ડન્ટ' ઉપર આળ આવે છે. તેનો અહેવાલ મહાદેવભાઈ તા. 12 મી એ લખનૌ જતાં ટ્રેનમાં બાપુને પત્રમાં લખે છે, અને જણાવે છે કે સરકારે 'ઈન્ડિપેન્ડન્ટ' પત્ર પર આક્રમણ કર્યું છે, તેમજ પ્રેસને તાળા મારી દીધાં છે.(3) આમ, હસ્તલિખીત પત્ર કાઢવામાં જે મુશ્કેલીઓ પડી તે જણાવે છે.

'મારા વાચક બંધુઓને' એ મહાદેવભાઈના 'યંગ ઈન્ડિયા' ના તા. 29/12/21 ના અંકમાં છપાયેલા 'To my Readers' નામના લેખનો ગુજરાતી અનુવાદ છે. એમાં મહાદેવભાઈએ પોતાના ઉપર સરકારે કરેલા કેસની વિગત આપી છે. તેઓ કહે છે કે મારા ઉપર મૂકવામાં આવેલા તહોમત કેસમાં આજે મારે ડ્રિસ્ટ્રીક મેજીસ્ટ્રેટની અદાલતમાં હાજર થવાનું છે. અને જે મશીનોનો ઉપયોગ નહીં કરેલો તેનો પણ સરકારે કબજો લીધો છે. સરકારાની પધ્ધતિ મગજ વગરની, કલ્પના વિનાની અને ભાવના વિનાની છે.[4]

'યુધ્ધનો કેદી' એ 'નવજીવન' ના તારીખ 30/12/21 ના અંકમાં છપાયેલું અને મહાદેવભાઈએ મેજીસ્ટ્રેટ સમક્ષ પૂછ્યું કે તમે સાક્ષીની ઊલટ તપાસ કરવા માંગો છો? ત્યારે મહાદેવભાઈએ ના પાડી હતી, તેમણે બચાવ કરવાની ના પાડી હતી. ને પ્રસ્તુત નિવેદન કર્યું હતુ, એમાં તેઓ મેજીસ્ટ્રેટને કહે છે કે આપણી વચ્ચે યુધ્ધ ચાલી રહ્યું છે. હું એક યુધ્ધના કેદી તરીકે આજે તમારી સમક્ષ ઊભો છું. અમે અસહકારીઓ છીએ, અહીંસાના પૂજારી છીએ, અમે સૌ બળવાખોર છીએ હું તમારા ક્રિમિનલ એમેડમેન્ટ એક્ટને માન્ય નથી રાખતો એટલે ભારેમાં ભારે જે સજા ફરમાવી તમારા હાથમાં હોય તે બરદાસ્ત કરવા ઊભો છું. આમ, પ્રસ્તુત ડાયરીમાં કેટલાક લેખો અને કેટલાક પત્રો છે. ડાયરીનો મુખ્ય વિષય 'ઈન્ડિપેન્ડન્ટ' તેના તંત્રીપક્ષ જપ્તી, પુનઃ અવતાર મહાદેવભાઈ ઉપર તોહમતનામું અને મહાદેવભાઈને મળેલી જેલની સજાનો ઈતિહાસ છે.[5]

'મહાદેવભાઈની ડાયરી' પુસ્તક સત્તરમું માં મહાદેવભાઈના 'નવજીવન' માં પ્રગટ થયેલા લેખોનો સંગ્રહ છે. એમાં વિવિધ વિષયો ઉપરના પરંતુ મુખ્ય તે રાષ્ટ્રીય ચળવળની ગતિવિધીના અને મહાદેવભાઈ અને ગાંધીજીને સ્પર્શતા લેખો છે. મહાદેવભાઈ તા.23/01/23 ના રોજ લખનૌની જેલમાંથી છૂટ્યા, પરંતુ ગાંધીજી તો જેલમાં હતા. આથી 'નવજીવન'માં લખવાની જવાબદારી કાકાસાહેબ કાલેલકર પર આવી પડી અને તેમની ધરપકડ થતાં 'નવજીવન' સંભાળવાની જવાબદીર મહાદેવભાઈ પર આવી પડી. અને તા.28/10/23 થી તો તંત્રી તરીકે એમનું નામ આવવા લાગ્યું. આ સમયની ડાયરી એમણે લખી લાગતી નથી. અને લખી હોય તો પ્રાપ્ત થતી નથી. 'નવજીવન' નું કામ કરવામાં જ એમનો સમય અને એંમની શક્તિ ખર્ચાઈ જતી હતી એટલે એમની ગાંધીજી અને રાષ્ટ્રની તે સમયગાળાની વિગત એમના નવજીવનમાંના લખાણોમાં જોવા મળે છે. તેથી આ પુસ્તકને ડાયરી કહેવા કરતા તેમના એ ગાળાના પ્રગટ થયેલા લેખોનો સંગ્રહ કહેવા તે વધારે યોગ્ય છે.

ગાંધીજીની ગેરહાજરીમાં 'નવજીવન' ના પાના ભરવા તે સહેલી વાત ન હતી મહાદેવભાઈ સતત એમા કાર્યરત રહેતા તેમના પર પત્રો ચલાવવાનો બોજો આવ્યો ત્યારે તેમણે લખ્યુઃ "ગાંધીજી જેલમાં જતા મારા જીવનનું ચેતન ગયું, મારા લખાણોના પ્રાણ ગયા, મહાદેવભાઈ આ કાર્ય નિષ્ઠા પૂર્વક કરતા હતા. પણ તેમની સાથે કેટલીક શીરોવેદનાઓ જોડાયેલી હતી. આકરા લખાણો માટે કેટલાક ઠપકો આપતા હતા. તેથી તે અકળાઈ ઉઠતા ગાંધીજીની ગિરફ્તારી અને સજા પછી દેશમાં હતાશાનું મોજુ આવ્યું હતું. આ

પરિસ્થિતિમાં પત્ર ચલાવવાનું કામ કઠિન હતું. અને લોકોની નજરમાંથી 'નવજીવન' ઊતરતું ગયું તેનો ફેલાવો ચાલીસ હજારથી છ હજાર સુધી નીચો આવી ગયો."(6) આ લેખો જે નવજીવનમાં મહાદેવભાઈએ લખેલા હતા તેનો સંક્ષિપ્ત સાર આ પ્રમાણે છે.

'નાની જેલમાંથી વિશાળ જેલમાં' એ લેખમાં મહાદેવભાઈ દર્શાવે છે કે કારાવાસમાં રહેવું એ એક સુખ હતું પણ ત્યાંથી નીકળીને આ વિશાળ કારાવાસમાં ગુલામીની બેડીઓ તોડવાના દૃઢ સંકલ્પની સાથે દાખલ થવું એ પણ ઓછું સુખ નથી.

'ચાલ' નામના લેખમાં તેમણે સરકારની રાજકીય ચાલનો ઉલ્લેખ કર્યો છે. લખનૌ ડિસ્ટ્રીક્ટ જેલમાં પૂરેલા આપણા સાથીઓને તેમની મુદ્દત પહેલા છોડાવવાનું કૃત્ય એ સરકારની એક ચાલ છે. એમ કરીને સરકાર જેલ પરનું ભારણ ઘટાડતી હતી.

'મારી મુસાફરી' લેખમાં મહેદાવભાઈએ શાંતિનિકેતન જેવાં કેટલાક સ્થળોના પ્રકારની વિગતો આપી છે. શાંતિનિકેતનમાં તેમણે ટાગોરની મુલાકાત લીધી હતી. એમાં બંગાળમાંની ઊર્મિલાદેવીની મુલાકાત અને પ્રફુલચંદ્ર રોયની મુલાકાત નોંધપાત્ર છે. બંનેના રેખાચિત્રો ભાવભર્યા છે. તા. 08/02/23 ના રોજ સુરત જિલ્લા સમિતિ તરફથી દેવદાસ ગાંધી અને મહાદેવભાઈને અભિનંદન આપવાનો કાર્યક્રમ યોજાયો હતો. તેમાં મહાદેવભાઈએ કહ્યું હતું કે કોણ કોનું અભિવાદન કરે? આપણી શ્રધ્ધા આંધળી હતી. આપણને સ્વરાજ્યની લગની લાગી હતી. ગુજરાતમાં કંઈક આશા છે. મને જેલમાંથી છૂટતાં મૂંઝવણ થવા લાગી છે. કારણ કે હું જેને મારા પ્રાણે માનતો હતો તે ગાંધીજી તો જેલમાં છે, આપણે આપણું કર્તવ્ય બજાવવાનો તૈયાર રહેવું જોઈએ.

'કાકાનો ગુનો' એ લેખમાં તેમણે કાકાસાહેબ કાલેલકર ઉપર અદાલતે જે આક્ષેપો કર્યા હતા તેની પોકળતા દર્શાવી છે. સરકારી વકીલોની દલીલોની ઝટકણી કાઢી છે. 'કાચી વયના અને અનુભવ વિનાના' એ લેખમાં ધારાસભાના કાર્યકરો અને રામદાસના કાચા અનુભવોની વાતો કરી છે.(7)

'તમારા બહું જ આનંદનું શું થશે?' એ લેખમા મહાદેવભાઈએ કાકાસાહેબના આગ્રહથી 'નવજીવન' માં જે સંદેશો લખ્યો હતો તે બદલ કેટલાકે મહાદેવભાઈને ચેતવણી આપી દીધી હતી, તેનો અન્ન અને ખાદી અંગેનો લેખ છે. તેઓ કહે છે કે લોકો ખાદી વિશે સમજતા અને લાભ લેતા થયા છે તેથી મને આનંદ છે. પણ હું આનંદઘેલો નથી થઈ ગયેલો મને ખાદી વિશે પૂરતા સમજ છે.

'નવાભોગો' લેખમાં સરકારની દમન નીતિનો ભોગ બનેલા કાકાસાહેબ, ગોપાલદાસ અને ભક્તિબહેનના જેલ ગમનની માહિતી આપી કહે છે કે, સાથે સૌભાગ્યવતી ભક્તિબહેનના જેલ જવાથી આપણા પ્રાંતના

ઈતિહાસમાં એક નવું સુવર્ણમય પ્રકરણ લખાશે. તેમજ આ લડતમાં પ્રથમ હોમાનારી સ્ત્રી તરીકે વિરાંગનાનું નામ કદી નહી ભૂલાશે.

'અલ્હાબાદમાં શું થયું?' એ લેખમાં કોંગ્રેસ કારોબારીમાં સિમિત થયેલી ખેંચા ખેંચનો અહેવાલ છે. એમાં કેટલાકે ગેરહાજર રહેવાનું પસંદ કર્યું કેટલાકે મૌન પસંદ કર્યું પંડિત માલવિયાજી, દેશબંધુએ એમાં પણ ખાસ ભાગ ભજવ્યો. (8)

'કાકા' વિશેના લેખમાં મહાદેવભાઈએ કાકાસાહેબનું સુંદર રેખાચિત્ર આપ્યું છે. તેમની સાથેનો પ્રથમ પરિચય અને તે પછીના પ્રસંગો અને કાકાસાહેબના વ્યક્તિત્વ વિશે અધિકૃત માહિતી આપી છે. કાકાસાહેબ ગાંધીજીના અને તિલકના ભક્ત હતા. અનેક મિત્રોએ પ્રેમથી ભીંજાતા એમનું જીવન નિયમિત ચિત્રોના ઉત્કર્ષ માટે કઠોર પણ બનતા.

'સરકાર ઘેલી ન થાય' એ લેખમાં તેમણે જણાવ્યું છે કે સરકાર આપણને સવિનય ભંગનો મોકો આપે છે. 'આટલી ના થાય' માં તો જણાવે છે કે સરકારે રાજમિલકત ખરીદવા સરકારી નોકરને છૂટ આપવી જોઈએ.(9)

'દેશે પણ દેવાળું કાઢ્યું છે' એ લેખમાં સકરારે મીઠા પરનો કર બેવડાવ્યો તેની વાત કરીને સરકારાની નીતિથી કરુણ આત્મઘાતક કુદડી ચાલી રહી છે અને આ સરકાર પ્લેગરોગ નથી, પણ કેન્સર રૂપ છે તેમ કહ્યું છે.

'અસાધુતાનો રોગ' એ લેખમાં સમાજમાં વ્યાપેલા અસાધુતાના રોગ વિશે વાત કરી છે. અને કહ્યું છે કે સંપૂર્ણ સાધુતા એટલે સ્વરાજ.

'ડૉક્ટર રાય' એ લેખમાં ડૉ પ્રફૂલચંદ્ર રાય અમદાવાદના મહેમાન બન્યા હતા તે પ્રસંગનું આદર્શપૂર્વક આલેખન થયું છે. આમ તેમનામાં લડવાની પ્રકૃતિ જ નથી. વલ્લભભાઈ એમને ગાંધીયુગના ભાગ્યશાળી માણસ ગણતા હતા.

'વિયોગદુઃખ' એ લેખમાં તેમણે કારાવાસ દરમ્યાન થયેલા વિયોગદુઃખની વાત કરી છે. તેઓ કહે છે કે વિયોગદુઃખની વિહ્વળતા પાત્રો આપણા સાહિત્યમાં અનેક છે પરંતુ ભરતના પાત્રમાં જેવું મળે છે તેવું ક્યાંય નથી.

'ઊંઘમાંથી જાગ્યા' એ લેખમાં સ્વ અબ્દુલ રહિમ અને ઈસ્લામ વિશે કેટલાક વિચારો વ્યક્ત કર્યા છે.

ઈસ્લામમાં સન્યાસવૃતિને સ્થાન નથી એમ કહેનારને ઈસ્લામના હાર્દનું જ્ઞાન ન જ નથી. એમ તેઓ કહે છે. 'વાદળ આવ્યું' એ લેખમાં મુંબઈ સરકારે કાકાસાહેબ કાલેલકર, ઈન્દુલાલ યાજ્ઞિક, મોહનલાલ ભટ્ટ વગેરેની ધરપકડ કરી તેમને જેલમાં મોકલ્યા હતા તેની વાત કરી છે. તેમણે જણાવ્યું છે કે કેદખાનાનો આરંભ સત્યાગ્રહીને નિઃસત્વ બનાવે છે.(10) વળી તેઓ વલ્લભભાઈના બ્રહ્મદેશના અનુભવની યાદ અપાવીને કહે છે કે માણસે ધર્મનું ઋણ ચૂકવવું જોઈએ એ માટે ઊંડી ભાવના હોવી જોઈએ. જેમ મહારાષ્ટ્રે એકલાએ 241 સેવકો આપ્યા તેમ ગુજરાતીઓએ પણ વધુ સ્વયંસેવકો આપવા જોઈએ. આ ઉપરાંત કોહાટના કેર અને સરકારની રંગભેદની નીતિ અંગે પણ ટીકા કરી છે. 'ઝખમી પંજાબ' નામના લેખમાં પંજાબના અકાલીઓની વેદના વર્ણવી છે. સરકારનો ત્રાસ માર્શલ લો ના દિવસો યાદ કરાવે છે. 'ધર્મયુધ્ધ ચડેલા મજૂરો'માં તેમણે અમદાવાદના મિલમજૂરોની હડતાલનો અહેવાલ આપ્યો છે. 'રાષ્ટ્રીય ઝંડાની લડત' એ લેખમાં નાગપુર ઝંડા સત્યાગ્રહની લડતનું વિશેષ વર્ણન આપ્યું છે. અને ઝંડે તેમજ ખાદીનું મહત્વ સમજાવ્યું છે. તેઓ કહે છે કે લગ્નમાં પણ ખાદીનો આગ્રહ રાખવો. આ ઉપરાંત અકાલીઓની પજવણી વિશે પણ ટૂંકી નોંધ આપી છે. 'બાપુના સમાચાર' નામના લેખમાં ગાંધીજીની નાતંદુરસ્ત તબિયતની તેમને જેલ અધિકારીઓ ઝંપવા ન દેતા હતા તેની અને સ્વ નારાયણ ચંદાવરકરની સેવાની વાત કરી છે. તદુપરાંત તેઓ જણાવે છે કે નાગપુરની લડતમાં રંગ જામ્યો છે અને એ લડત શુધ્ધ રાજકારણી છે. સ્વરાજ પક્ષના નેતાઓ તેના પર કટાક્ષ કરે છે. પણ એ ટીકાઓ અસ્થાને છે. એમા તેમણે લાલા શ્યામલાલના ત્યાગ અને શંકરલાલની વૃતિની પણ વાત કરી છે. 'વિઠ્ઠલભાઈના વિચારો' એ લેખમાં અમદાવાદમાં આવીને વિઠ્ઠલભાઈ પટેલે જે ભાષણ આપ્યું તેમાંના વિચારોની તારવણી છે. સાયનયભંગ જ સ્વરાજ લાવવાનુ સાધન છે. આપણે ધારા સભામાં જઈને ખખડાટ કરીશું વગેરે વિચારો નોંધપાત્ર છે.

'બાપુના સમાચાર' ની વાત તા. 27/05/23 ની નોંધમાં જણાવ્યું કે બાપુને પેટમાં દુઃખાવો મરડો અને તાવની પીડા છે. એ જ નોંધમાં આગળ ઉપર નાગપુર સત્યાગ્રહ, સ્વરાજ પક્ષનું કર્તવ્ય, સત્યાગ્રહની યોગ્યતા, ધારાસભા બહિષ્કાર કરવાનો ઠરાવ, ગાંધીજીને જેલમાંથી કેમ છોડાવવા તે અંગેના વિચારો અને કાઠિયાવાડ રાજકીય પરિષદ અંગે પણ ટૂંકી નોંધો આપી છે. 'શું કરવું' એ લેખમાં અસહકારની લડત બંધ પડી જતા સ્વાતંત્ર્ય સૈનિકે શું કરવું તેની ચર્ચા કરી છે. મહાદેવભાઈ કહે છે કે ભાંગ આપવાની અધીરાઈ ન બતાવાય પ્રહારાત્મક સવિનયભંગ જોખમ ભરેલો છે. માટે ધીરજ રાખીને રચનાત્મક કાર્યો કરવા જોઈએ. 'આશાનું ચિન્હ' એ મહાદેવભાઈના 'યંગઈન્ડિયા' ના તા. 31/05/23 ના અંકમાના The silver lining નામના લેખનો અનુવાદ છે.

મહાદેવભાઈ જેમ ઉમદા સાહિત્યકાર તેમ ઉત્તમકક્ષાના પત્રકાર પણ હતા. ગુજરાતી પત્રકારત્વના ઈતિહાસમાં ગાંધીજી સાથે તેમનું પણ નામ જોડવામાં આવે છે. તેઓ ગાંધીજીના કારણે જ 'નવજીવન', 'યંગ ઈન્ડિયા, 'હરિજનબંધુ', 'હરિજન', 'હરિજન સેવક', 'ઈન્ડિપેન્ડન્ટ' જેવા પત્રો સાથે સંકળાયેલા હતા. જ્યારે જ્યારે જે જે પત્રોમાં એમણે કામ કર્યું ત્યાં પત્રકારત્વની એમની ઉત્કૃષ્ટ ભાવનાની સ્વચ્છ મુદ્રા

ઉપસાવીને રહેલા તેઓ જીવનધર્મી, લોકધર્મી પત્રકારત્વના સાધક હતા.

## સંદર્ભસૂચિ


1. પંડ્યા, વિષ્ણુ. પત્રકારત્વનો ઈતિહાસ, અમદાવાદ.
2. એજન, પૃષ્ઠ 100
3. દલાલડ઼, યાસીન, પત્રકારત્વના સિધ્ધાંતો, અમદાવાદ.
4. એજન, પૃષ્ઠ 102
5. ભાયાણી હરિવલ્લભ, વ્યુત્પતિ વિચાર,
6. સ્વ મહાદેવભાઈ દેસાઈ સ્મૃતિચિત્રો, નવજીવન પ્રેસ અમદાવાદ
7. એજન, પૃષ્ઠ 87
8. એજન, પૃષ્ઠ 89
9. ચી.ના. પટેલ (1992) અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ, નવજીવન પ્રકાશન.
10. એજન, પૃષ્ઠ 109